ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જાતિ અંચળે પ્રાદેશિક પક્ષો સ્થપાઈ જાય છે!*
*નેતાઓની સત્તા ભૂખે એકતા કપાઈ જાય છે!*
*લપાઈ જાય છે રાષ્ટ્રપ્રેમ, સંકુચિત સ્વાર્થમાં -*
*વેરી બન્યાં કાવેરી જળ, માનવી મપાઈ જાય છે...*

### હાઈકુ

*મળે પ્રજાને*
*લોખંડી રક્ષા વચ્ચે -*
*લોક-નેતાઓ?!*
*(મતનું મતાંતર)*

*થતા ના હવે,*
*કોઈ કરાર સોદા -*
*દલાલી વિના...*
*(એમાં આપણું શું?!)*

### ચિંતન

**અરસિકજનો ભાષણ તો રસિકજનૈઃ સહવરં કલકુઃ ।**
**લંબકુચાલિંગન તો લિકુચકુચાપાદતાડનં શ્રેયઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

અરસિક-નિરસ જેને કોઈ બાબતમાં સુઝ જ્ઞાન-ગમત-હાસ્ય-રમૂજની કોઈ ગતાગમ નથી કે એવી બાબતમાં કંઈ સમજ નથી એના લોકો સાથે વાતચીત-સંબંધ-વહેવાર રાખવો પડે તેના કરતાં રસિક-સમજુ-વિદ્વાન વ્યક્તિ સાથે ઝગડો કરવો પડે તો પણ કંઈ વાંધો નહીં કારણ એના વિદ્વાન-સમજુ માણસ સાથેનો કંકાસ પણ કંઈક શીખવી જાય છે - જે આનંદપ્રદ થાય છે.

આ વાત સમજાવવા કવિશ્રી અહીં રસિક અને શૃંગારપૂર્ણ દૃષ્ટાંત આપીને સમજાવે છે કે લચી પડેલાં સ્તનવાળી વૃદ્ધાને આલિંગન આપવું પડે તેના કરતાં સુંદર રમણીની લાત ખાવી સારી...

### સુવિચાર

- બગીચાનો ઉછેર કરવો તે પરમાત્મા સાથે ચાલવા બરાબર છે - **સંત રોબિન**
- પાપ એવો અગ્નિકુંડ છે જે આદર અને માન,
  સાહસ અને ધૈર્યને ક્ષણવારમાં જ ભસ્મ કરી નાખે છે - **પ્રેમચંદ**
- જયારે શ્રદ્ધાનું જળસિંચન થાય છે ત્યારે જ પરિશ્રમનું વૃક્ષ મીઠા ફળ આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંસારમાં એવો એક પણ માણસ નથી જેના પર જીવનમાં એક વખત પણ
  ભાગ્યદેવીની કૃપા ન થતી હોય - **સ્ટીફન કોવી**
- ઈશ્વર નિરાકાર છે, પણ તેના ગુણ, કર્મ, સ્વભાવ, અનંત છે - **દયાનંદ સરસ્વતી**
- લોભી માણસને ધનસંપત્તિનો સ્વામી કહેવાને બદલે,
  ધનસંપત્તિને એની સ્વામિની કહેવી જોઈએ - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : સિંધવ અને મીણ ગરમ કરી પેસ્ટ વાઢીયા પર લગાવવાથી તરત રાહત થાય છે.

### બોધકથા

આપણે આપણા જ કુટુંબી-સ્નેહી-મિત્રો-સહકર્મચારીની અને એમની ગેરહાજરીમાં તેમની ટીકા-નિંદા કરવાની આદત હોય છે. નાના દોષ-અવગુણમાં 'સંભારો' ભરીને સ્વાદિષ્ટ બનાવવાના આપણા પ્રયત્ન હોય છે... ગ્રીસના ચિંતક સોક્રેટીસ પાસે એક ભાઈ આવ્યા. સોક્રેટીસ તેના 'ખોદણી'ના સ્વભાવથી વાકેફ હતા. આવનારે કહ્યું, તમારા મિત્ર વિશે એક નવી જ વાત જાણવા મળી છે!

સોક્રેટીસ સમજી ગયા - એણે તરત કહ્યું, - હા, પણ એ વાત સાંભળવા પહેલાં તમારે મારા ત્રણ પ્રશ્નોના જવાબ આપવા પડશે! તમે એ વાતની ખાતરી કરી છે કે માત્ર સાંભળેલી છે? તદન સત્ય છે?

આવનાર કહે, ના મેં પણ સાંભળેલી જ છે. સોક્રેટીસ - જૂઓ મારા મિત્ર વિશે સારી વાત-પ્રશંસા જેવું કંઈ છે? ટીકાત્મક મારે નથી સાંભળવું...

આવનાર - ના, એવી કંઈ સારી વાત નથી... સોક્રેટીસ - એ વાત સાંભળવાથી મને કંઈ ફાયદો થાય એમ છે? આવનારે માથું ધૂણાવી 'ના' પાડી... સોક્રેટીસ કહે- જો વાત સાચી-સારી કે ઉપયોગી ન હોય - તો મારે નથી જ સાંભળવી... - પેલો પગ પછાડતો ચાલ્યો ગયો...

# અચ્છે દિન : માત્ર સોનેરી સ્વપ્ન

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચાયેલા શબ્દો 'અચ્છે દિન' સમય જતાં ભારતીય જનતા પાર્ટી માટે રોજિંદી મજાક બની જશે, એવી તો એના પ્રાયોજક અને પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ સ્વપ્ને પણ કલ્પના નહીં કરી હોય. આમ જુઓ તો એ એક મુગ્ધ ઉમેદવારનું વિશફુલ થિંકિંગ હતું, એથી વધારે કંઈ જ નહીં. કારણ કે સરકાર બદલાઈ જવાથી જ સમસ્યાઓ હલ થઈ જશે એવું તો ફક્ત મૂર્ખાઓના સ્વર્ગમાં રાચનારા જ માની શકે. દેશ ધીમી ગતિએ પ્રગતિ કરી રહ્યો હતો, સમય જતાં એમાં વધુ ઝડપ આવી શકે. પરંતુ જે જુગજૂનો પ્રશ્નો છે એ રાતોરાત થોડા ઉકેલાઈ જાય? મોદીને સત્તા પર લાવનારી જે કેટલીક 'સમસ્યાઓ' હતી, તે હજી એવી ને એવી જ રહેવા પામી છે. દાખલા તરીખે બેફામ ભ્રષ્ટાચાર, મોંઘવારી કે બેકારી-બેરોજગારી અને ખેડૂતોની આત્મહત્યાનો પ્રશ્ન. એ જુદી વાત છે કે મોદી સરકાર પાસે મનમોહન સરકાર કરતાં ઘણું ચડિયાતું મીડિયા મેનેજમેન્ટ છે, એટલે આવી સમસ્યાઓને નજરઅંદાજ કરવામાં સરકાર મહદંશે સફળ રહી છે. તંત્ર પર મોદીનો અંકુશ છે, એમાં બે મત ન હોઈ શકે, પરંતુ ભ્રષ્ટાચારી બાબુઓ અને પ્રધાનોને એના રસ્તા શોધતાં આવડતાં જ હોય. કોલસા કૌભાંડ અને ટુ-જી કનેક્ટિવીટી સંદર્ભે થયેલ કૌભાંડ કરતાં સવાયાં કૌભાંડોની પ્રક્રિયા ચાલતી જ રહેવાની. કૅગના અહેવાલની રાહ જોવી રહી! પરંતુ સૌથી વધુ સ્પર્શનારી બાબત છે. મોંઘવારી, બેરોજગારી અને ખેડૂતોને ખેતીના ધંધાથી મળતું પોષણક્ષમ વળતર નહીં મળવાની બાબત. વળી સ્ત્રીઓ પર થતા અત્યાચારો અને માનવ અધિકારોનું હનન. મોદી શાસનમાં આ બધી બાબતોમાં ઝાઝો સુધારો થયો હોવાની પ્રતીતિ પ્રજાને થી હોય એવું કહી શકાશે ખરું? કાળા નાણાંની વિદેશી બેન્કોમાં જમા થયેલી અઢળક રકમનો હવાલો આપી વ્યક્તિ દીઠ પંદર લાખ રૂપિયા ખાતામાં જમા કરાવી આપવાનું હવાઈ વચન એ તો ચૂંટણી પ્રચારનો નુસખો હતો - એવું ખુદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષને હસતાં હસતાં કબૂલવું પડ્યું છે. હવે પાર્ટીના પૂર્વ અધ્યક્ષ ગડકરીને આધ્યાત્મિક ભાષામાં ઓચરવું પડ્યું છે કે 'અચ્છે દિન'નું મોદીસૂત્ર સરકારના ગળાનું હાડકું બની ગયું છે. આ દેશ અસંતુષ્ટ આત્માઓનો મહાસાગર છે. એને કયારેય સંતોષ થવાનો નથી! મહાન

**તંત્રીસ્થાનેથી...**

નૉબેલ વિજેતા સર્જક સેમ્યુઅલ બૅકેટના સુપ્રસિદ્ધ નાટકનું શીર્ષક હતું : 'વેઈટિંગ ફૉર ગોદો.' માનવી હરહંમેશ એક ઉજળી આવતી કાલનું સપનું જોયા કરે છે. કંઈક સારું થવાનું છે, કયારેક રાતોરાત ચમત્કાર સરજાવાનો અને આપણે માલામાલ થઈ જવાના - એવી રમણીય કલ્પનાઓમાં રાચતો માનવી છેલ્લા શ્વાસ સુધી 'અચ્છે દિન'ની જ પ્રતીક્ષા કરતો રહે છે. આવું 'વિશફુલ થિંકિંગ' એને જીવવાનું બળ પૂરું પાડતું હોય તો એમાં ખોટું પણ શું છે? વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાન મનોવિજ્ઞાની છે. એમને ૨૦૧૪ની ચૂંટણી પૂર્વે તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહના જ એક ભાષણમાંથી 'અચ્છે દિન'નું સોનેરી સૂત્ર જડ્યું હતું. ડૉ. મનમોહનસિંહે મંદીના દોરમાંથી ગુજરી રહેલ દેશે સારા દિવસોની હજી રાહ જોવી પડશે. એ મતલબનું વિધાન કર્યું હતું. વાણીનું વરદાન ધરાવતા એમના પ્રતિસ્પર્ધી માટે આ સૂત્ર વિજયની ચાવી બની ગયું. પરંતુ કાળદેવતા તો એનાં ત્રાજવાં લઈને બેઠેલો જ છે. હવે એ જ સૂત્ર ડગલને ગગલે મોદી અને મોદીની પાર્ટીને ટપારવા ખપ લાગે છે - એ વિપક્ષો માટે હોઠવગું હથિયાર બની ચૂક્યું છે!

# આ છે સાચી શિવ ભક્તિ : વૈશાલી પટેલ શાહનું ભૂકંપગ્રસ્ત નેપાળમાં અદ્ભૂત પુનઃવસન

માત્ર ૧૭ વર્ષની ઉંમરે સૌ પ્રથમ વખત કૈલાસ માનસરોવરની યાત્રા કરનારાં વૈશાલી પટેલ શાહ છેલ્લાં સવા વર્ષથી નેપાળનાં ભૂકંપગ્રસ્ત ગામોમાં પુનઃવર્સનનું અદ્ભૂત કામ કરી રહ્યાં છે. તેમની શિવભક્તિ માત્ર કૈલાસ માનસરોવર કે શિવજીની પ્રતિમા કે શિવલિંગ પૂરતી મર્યાદિત નથી. ભૂકંપગ્રસ્ત લોકોને નવું જીવન આપવાના પોતાના પ્રયાસને તેઓ શિવપૂજા જ ગણે છે.



મૂળ અમદાવાદનાં વૈશાલી પટલે પાકાં શિવભક્ત. લૉ-ગાર્ડન વિસ્તારમાં તેમનું ઘર. તેઓ દરરોજ સમર્થેશ્વર મહાદેવે જાય. અહીંથી જ તેમને મહાદેવે નિત્ય નામનો જીવનસાથી આપ્યો. લગ્ન પછી બન્ને જણ આશરે દસેક વર્ષ અમેરિકા-કેનેડામાં રહ્યાં. ખૂબ સારી કમાણી હતી, દસ એકર જમીનમાં ભવ્ય ઘર હતું પણ કશુંક ખૂટતું હતું. છેવટે એક દિવસ ખાલી હાથે અને ભરેલા હૃદયે ભારત આવી ગયાં.

અહીં નિત્ય શાહે એક અમેરિકન કંપનીમાં પર્યાવરણીય વૈજ્ઞાનિકની નોકરી સ્વીકારી અને વૈશાલી પટેલ શાહે એનઆરઆઈ ગ્રુપને કૈલાસ માનસરોવરની માત્રા કરાવવાની પોતાની સદ્પ્રવૃત્તિ ચાલુ રાખી.

૨૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ નેપાળમાં વિનાશક ભૂકંપ આવેલો. એ દિવસે વૈશાલી બહેન અમદાવાદ પોતાની ઓફિસમાં બેઠેલાં. તેમને ભૂકંપની પ્રતીતિ (ફિલીંગ્સ) થઈ હતી. પોતાની ઓફિસમાંથી બહાર આવીને તેમણે સ્ટાફના સભ્યોને કહ્યું પણ ખરું કે મારી ખુરશી હલી છે.

એ પછી માલૂમ પડ્યું કે નેપાળમાં ભૂકંપ આવ્યો છે. કૈલાસ માનસરોવરની યાત્રા દરમિયાન તેમને મદદ કરવા માટે જે ત્રણેક સાથીદારો હોય તે નેપાળના. વૈશાલીબહેન તો બીજા જ દિવસે કાઠમંડુ પહોંચી ગયા. નેપાળની સ્થિતિ ખૂબ જ ખરાબ અને અરાજક. આવી સ્થિતિમાં તેઓ પોતાના સ્ટાફના ગામ પહોંચ્યાં. રસ્તા તૂટી ગયા હતા. મુસાફરી કપરી હતી. વળી, જે ગામમાં જવાનું હતું તે ગામ પહાડ ઉપર ૧૦ કલાકનું કપરું ચઢાણ ચડીને વૈશાલીબહેન ત્યાં પહોંચ્યા.

ગરીબ પ્રજાનું બધું જ છીનવાઈ ગયું હતું. સૌથી પહેલી જરૂરિયાત હતી ઘરની. વૈશાલીબહેનના એક મિત્ર મિસ્ટર અમેરિકામાં રહે. તેમની સાથે વાત થઈ તો તેઓ કહે કે હું ઓછા પૈસામાં બને તેવા ઘરની ડિઝાઈન બનાવી આપું. તેઓ જાતે જ કાઠમંડુ આવી ગયા. ૧૦-૧૨ હજાર રૂપિયામાં બને તેવી ડિઝાઈન તેમણે તૈયાર કરી. વૈશાલીબહેન મૂળ ગુજરાતી અને પાછાં સ્ત્રી. કરકસર કરીને તેમણે જાતે ટેન્ટ જેવાં ઘર બનાવ્યાં તો પડતર કિંમત થઈ ગઈ આઠ હજાર. તેમણે થોડાંક ઘર બનાવ્યાં. તેમને હતું કે લોકો ખુશ થશે, પણ ગામના જે લોકોને ઘર ના મળ્યું તેઓ રડવા લાગ્યા. હવે શું કરવું? વૈશાલીબહેને પોતાના નેજા હેઠળ જે જે એનઆરઆઈ મિત્રોએ કૈલાસ માનસરોવરની યાત્રા કરી હતી તેમને સંવેદનશીલ પત્ર લખ્યો. તેમણે લખ્યું કે તમારા માટે ૧૫૦ ડોલર એક ડિનરની કીંમત છે પણ ભૂકંપગ્રસ્તો માટે એક છતની-ઘરની કીંમત છે. વૈશાલીબહેનના એ પત્રએ ભારે અસર કરી. ૧૦૦ ડોલર-૨૦૦ ડોલર, ૫૦૦ ડોલર-ભંડોળ મળતું ગયુ અને વૈશાલીબહેનના સીધા માર્ગદર્શન અને પ્રત્યક્ષ હાજરી સાથે ઘર બનતાં ગયાં. આશરે ૩૮૦૦ મકાન બન્યાં.

**નાને દીવડે દિવાળી**
અનિતા તન્ના

આ શિવભક્ત અને ભાવનાશાળી યુવતી આટલેથી ના અટકી. ગુજરાતની 'વિશ્વગ્રામ' સંસ્થા સાથે મળીને તેમણે શિક્ષણનો પ્રોજેક્ટ શરૂ કર્યો. વિશ્વગ્રામનાં સંજય-તુલાની આગેવાનીમાં શિક્ષકો ત્યાં ગયા. અનેક પડકારો અને પ્રશ્નો વચ્ચે તેમણે શિક્ષણનું કામ કર્યું. આજકાલ નેપાળના ૪૧ શિક્ષકો ગુજરાતની મુલાકાતે છે. ગુજરાતની ખ્યાતનામ અને પ્રયોગશીલ શાળાઓની તેમણે મુલાકાત લીધી છે.

વૈશાલીબહેન કહે છે કે ભગવાન શિવની કૃપાથી આ બધું થઈ રહ્યું છે. વૈશાલી બહેન નેપાળના સ્થાનિકો સાથે હળી-મળી અને ભળી ગયાં છે. તેઓ સુંદર રીતે નેપાળી ભાષા પણ બોલી શકે છે.

**(રા પોઝિટિવ મિડિયા પરિવાર)**

# પ્રભુ તારા મંદિરીયામાં ઘંટારવ ગાજે

આપણા હિંદુ મંદિરોમાં અંદર પ્રવેશતાં જ, ગર્ભગૃહની સામે, ઘુમ્મટ તળે, બરાબર દેવ-દેવીની સામે એક સુંદર કાંસાનો ઘંટ ટીંગાડેલો હોય છે. દર્શન આવતો દરેક ભક્ત 'ટ્ન' ટકોરો વગાડીને જાણે 'હું તમારા દર્શને આવ્યો'ની જાણે કે જાણ કરે છે. નાના બાળકો ઊછળી ઊછડીને કાયમ ઘંટ વગાડવા પ્રયત્ન કરે છે. જો તેઓ બેચાર પ્રયત્ન પછીય નિષ્ફળ જાય તો તેમની સાથે આવેલા વાલીએ તેમને ઘંટ સુધી પહોંચાડવાની ફરજ પડે છે. ઘંટ વાગતાં જ બાળકોના સમગ્ર ચહેરા ઉપર હાસ્ય રેલાઈ જાય છે. એ જોઈને પ્રભુ પણ સ્મિત કરતા હશે. જો કે આપણે ઘંટ વગાડનારા બાળકના માતાપિતા કે વડીલની આંખોમાં આવેલો આનંદનો ચમકારો આપણે જોઈ શકીએ છીએ. હિંદુ મંદિરોના ઘંટની પ્રથા ઉપરથી જ અંગ્રેજોએ કોલબેલની વ્યવસ્થા શોધી હશે એવું કોઈ તારણ પુરાતન ભારતીય રાષ્ટ્રીય ભક્તોએ કાઢ્યું હોય એવું હજી જાણવા મળ્યું નથી.

હિંદુ ધર્મ સિવાય બીજા કયા ધાર્મિક સ્થળોમાં આ પ્રકારની ગોઠવણી હશે એની મને ખબર નથી. પરંતુ હું નાનો હતો ત્યારે લાલ દરવાજા વિકટોરીયા ગાર્ડનની સામે આવેલા દેવળની બહાર એક મોટો ઘંટ લટકતો જોતો - એ વખતે તો તે દેવળ છે એવી જ ખબર નહીં અને ખ્રિસ્તી ધર્મ વિશે તો એક અક્ષર જેટલી પણ ખબર નહોતી. પછી તો ઘણા દેવળમાં આ જણસ અનેકવાર જોઈ છે. પરંતુ એને હજી કદી રણકાર કરતો સાંભળ્તો નથી. અમારા એક ખ્રિસ્તી મિત્ર પાસે મેં આ અંગે થોડીક પૃચ્છા કરી તેના જવાબમાં ખાસ્સી કહેવાય એટલી બધી વિગતો મળી. તેની તમને પણ જાણ કરું છું.

આપણા મંદિરોની જેમ દેવળમાંનો ઘંટ બારે મહિના અને ચોવીસે કલાક રણકારા કરવા તૈયાર હોતો નથી. તે ખાસ પ્રસંગે જ પાદરીની સૂચનાનુસાર વગાડવામાં આવે છે. મોટેભાગે લગ્નપ્રસંગે જ તેને વગાડવામાં આવે છે. બધા દેવળમાં પ્રાર્થના સમયે તે જાગતો નથી પણ અમદાવાદ રાયખંડ ખાતે આવેલા દેવળમાં પ્રાર્થનાના સમય પહેલાં ત્રણ મિનિટ અગાઉ વગાડવામાં આવે છે જેથી દરેક પ્રાર્થનાર્થી સમયસર દેવળમાં પહોંચી જાય. બીજું કોઈ ખાસ મહાનુભાવ (મોટે ભાગે ધાર્મિક) અવસાન પામે એને તેઓની શબયાત્રા દેવળ પાસેથી પસાર થાય ત્યારે એક ધીમા સૂરે અને લાંબા લયમાં વગાડવામાં આવે છે. અમારા મિત્ર આઈ.એસ. બારૈયાના જણાવ્યા મુજબ માનનીય ગણેશ માવલંકર દાદાની નનામી ત્યાંથી પસાર થઈ ત્યારે આ ઘંટ વગાડવામાં આવ્યો હતો. આવો સર્વધર્મસમભાવ આપણા દેશમાં ફરી પાછો આવશે ખરો?



હું નાનો હતો ત્યારે અમારી બેનના ઘરે ગામડે જતો ત્યારે મહાદેવના મંદિરમાં આરતી શરુ થાય ત્યારે મંદિરના ઘંટનાદ સાથે જ સીમમાં ઝાડ પર બેઠેલો મોરલા ટહૂકવા માંડતા. ઘંટનો રણકાર અને મોરનો ટહૂકાર એક ગજબ જુગલબંધી જમાવતા હતા. હવે આરતીના સમયે ગામડે જવાનું થતું નથી એટલે કંઠ અને કાંસાની અંગત કાનને સુલભ થતી નથી. તમને કોઈવાર ઉજ્જૈન મહાકાલેશ્વર મંદિરની આરતીમાં હાજર રહેવાનો અવસર મળ્યો હોત તો નગારા-ત્રાસાં-ઘંટ-ડમરુનો ઘોર નાદમાં થતી આરતી જરુરથી યાદ રહી ગઈ હશે. ત્યાં ગર્ભગૃહની બહાર જમણી બાજુએ બે-ત્રણ ઘંટ વગાડનાર મહિલાઓ પણ ચોક્કસ યાદ રહી હશે. એ લોકો એટલા ભક્તિભાવથી ઘંટ વગાડે છે કે આપણે ઘડીભર તો ભગવાનને ભૂલી જઈ એમને જોઈ રહીએ છીએ. અંદરની બાજુએ એક મોટું ડમરું પૂરા પ્રાણથી વગાડતા બાલુલાલને પણ ભૂલી શકાય એવા નથી. હું આવી રોજિંદી આરતીથી જ આટલો અભિભૂત થઈ ગયો છું તો પેલી વહેલી પરોઢે થતી ભસ્મ આરતીનો માહોલ તો કેવો અદ્ભૂત હશે, એની હું કલ્પના કરી શકતો નથી.



**મનના ઉમંગો**
રણછોડ પરમાર

સાળંગપુર હનુમાનજીની સાંજની આરતીનો એકવાર લહાવો મળ્યો છે. એમાં એકભાઈ એકસાથે બે ઘંટ, ભારે જોરથી અને ઝડપી તાલમાં છતાં એટલા સુંદર રીતે વગાડે છે કે બસ જોતાં જ રહીએ, એ ઘંટનાદ સાંભળતા જ રહીએ. અહીં આપણા સેકટર૨૦૭ના રણછોડરાયના મંદિરમાં એક ભાઈ પ્રભાતી આરતીના તાલમાં ખૂબ જ સુંદર તાલ મિલાવે છે. પણ કેટલાક મંદિરમાં વાગતા ઢોલ, આરતી અને ઘંટના અવાજો પોતપોતાનો અલગ તાલ ચલાવે છે ત્યારે મારા જેવા અધકચરા ભક્તો ભારે ગુંચવાઈ જાય છે. આર્થિક સદ્ધરતા ના હોય એવા કુટુંબોમાં જયારે સો-સવાસો માણસોની રસોઈ, કુટુંબના જ (જાણકાર) (!) ભાઈ રસોઈનું બીડું ઝડપે છે અને ભોજનની મુખ્ય આઈટમ દાળ બનાવે છે ત્યારે ત્રિસ્તરીય દાળનું નિર્માણ થાય છે. છેક ઉપર મરચાં-કોથમીર તરતાં હોય, વચ્ચે દાળનું પાણી અકળાતું હોય અને સાવ નીચે ઓગળ્યા વગરની દાળના દાણા એકબીજા સંગ અથડાયા હોય બિલકુલ એવો સિનારો આરતી, ઢોલ અને ઘંટનો સર્જાય છે. એમાં ય જો બે ઘટ હોય અને એના વગાડનારા જાણે સામસામે યુદ્ધે ચડ્યા હોય તેવી રીતે ઘંટ વગાડતા હોય ત્યારે કેવો તાલ થાય તે તો અનુભવીઓ જ જાણે!

આ ભાઈ મંદિરમાં જઈ દેવદર્શન કરતા હશે કે ખાલી વગાડનારને જ જોયા કરતા હશે એવો પ્રશ્ન તમારા મગજમાં ઉદ્ભવે એ પહેલાં હું અટકું. અને શ્રી કરશનદાસ માણેકનું ગીત સંભળાવું. આખું કાવ્ય કુલ-પાંચ કંડિકાનું છે, તેમાંથી પહેલો ભાગ અહીં આપ્યો છે.

**હરિનાં લોચનિયાં**

એક દિન આંસુ ભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં!
પચરંગી ઓચ્છવ ઊછળ્યો'તો અન્નકૂટની વેળા :
ચાંદીની ચાખડીઓએ ચડી ભક્તો થયા'તા ભેળા!
શંખ ઘોરતા, ઘુંટ ગુંજતા, ઝાલરું ઝણઝણતીઃ
શત શત કંચન આરતી હરિવર-સંમુખ નર્તન્તી.
દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના અડવડતા,
દેવદ્વારની બ્હાર ભટકતાં ટુકડા કાજ ટટળતા,
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોકનિયાં મેં દીઠાં!

**- કરસનદાસ માણેક**

# પ્રભુ! જગ મંદિર તણી દીવડી બનવા ચાહું! જગ કાજ જલું નિશદિન અંતરથી હું ચાહું!

ભાદરવી પૂનમનો માહોલ... ભક્તિનુંઘોડાપૂર...ભક્તિની આડમાં મોજ-મસ્તીને મુક્તિનો આનંદ... એકેકથી ચડિયાતા વિસામા... પછી પૂછવું જ શું?!! સામે ચાલીને મળતી સવાઈ સગવડો ચાલવાનો કેફ વધારે એ સહજ છે... કેટલાક દેખાદેખીથી નીકળ્યા હોય... કેટલાક ગમતીલો સાથ મળ્યોને ચાલી નીકળ્યા...ખાવા-પીવા-રહેવાની તો ચિંતા જ નહી... સઘળી સાનુકૂળતાઓ... એટલે બસ થોડું રખડી આવીએ... આવી નિરુદ્દેશે થતી ભ્રમણયાત્રાને પદયાત્રા કહેવાય ખરી?!



દોસ્તો, આપણો ભારતદેશ... અનેક ભાષા... વિવિધ આચાર-વિચાર, ખાનપાન, વાણી, વેશ બધામાં ભિન્નતા... શરીરના વાન જુદા હવામાન જુદા...આવા દેશને એક તંતે બાંધવો કઈ રીતે? એક બાબત સમાન હતી — ધર્મ. આદિ શંકરાચાર્ય અને અન્ય ધર્મ પ્રવર્તકોએ એવા પર્વો યોજ્યાં કે જેનાથી પૂર્વ થી પશ્ચિમ ને ઉત્તર થી દક્ષિણ વચ્ચે વર્ષે એક — બે વાર સંપર્ક સધાય. તે માટે પર્વતો, નદીઓ અને તેના સંગમો ને દરિયાકાંઠાને ખાસ પસંદ કર્યો. ચારધામની યાત્રાની કલ્પના જેણે કરી હશે તેણે ઉત્તરે હિમાચ્છાદિત બદરી — કેદાર સાથે ગંગોત્રી, યમુનોત્રી, પશ્ચિમે, પૂર્વે ને દક્ષિણે દરિયાકાંઠે દ્વારિકા, જગન્નાથપૂરી ને રામેશ્વરને સાંકળી દીધા. માનવજીવન મૂળ તો ખેતી પર નિર્ભર. ખેતી માટે પાણીની અતિ આવશ્યકતા. તો પાણી એ જીવન છે માટે જળાશયો, નદી સરોવરો ને તીર્થ માન્યાં. નદીનાં ઉદગમસ્થાનો, પર્વતોને તીર્થ બનાવી તેની દુર્ગમ ટોચે મંદિરો બાંધ્યાં! પર્વતો વરસાદથી તર રહે છે. વરસાદ લાવે છે વાદળો... સૂર્યના તાપથી દરિયાના પાણીનું બાસ્પીભવન થાય ને વાદળાં બંધાય... માટે સૂર્ય ભગવાન ને દરિયાદેવ! વાદળાં ને પવન અહીંથી ત્યાં ઢસડે છે તેથી પવનદેવ! આમ દેવ-દેવીઓનું સર્જન માનવીની કલ્પના જ છે. પોતાને પોષનાર પ્રકૃતિના વિભિન્ન અંગો પ્રત્યે માનવનો તે અર્ઘ્ય છે. આમ આપણી તીર્થયાત્રાઓ, મેળાઓ કે તીર્થસ્થાનો, દેવ — દેવીઓની કલ્પનાઓ, કથા-પુરાણો વગેરે માનવની એકતા સિદ્ધ કરવા માટે, માનવ જીવનને પોષનારાં પ્રાકૃતિક તત્વો પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટેનાં ઋષિ — મુનિઓનાં સર્જનો છે!! આખું વર્ષ ખેતીકામ કરતાં રહી ઢસરડો બની ગયેલા જીવનને મુક્ત કરવા અવનવા પર્વો-તહેવારો સર્જ્યા જેથી રોજિંદી ઘરેડમાંથી મુક્તિ મળે... નવાં વસ્ત્રો, પહેરવાં, મેળામાં મહાલવું, સારું ખાવું કે વ્રત ઉપવાસ કરવા કઈક દાન પુણ્ય કરવું... વગેરે...નું સુંદર આયોજન માનવ સમાજને બાંધનારા આપણા પૂર્વજો ઋષિમુનિઓએ કર્યું છે.

આજે તો ઘણું બધું બદલાયું છે. જીવનમાં ઢસરડો પણ ઘટ્યો છે. સો વર્ષ પહેલાં જેવું જીવતા એના કરતાંયે લાખ દરજ્જે ઘણું સારું ખાવા — પીવાનું, પહેરવા — ઓઢવાનું. સર્વને પ્રાપ્ત છે. પહેલાં તો હોળી — દિવાળીએ જ નવી વસ્તુ મળે પછી તે કપડાં હોય કે પગરખાં. આજે તો ઈચ્છા થાય ત્યારે બારેમાસ જે જોઈએ તે હાજરા હજૂર હોય છે. ઈચ્છીએ તે સઘળું ભોગવી શકીએ છીએ. આપણી ખાણી-પીણી, ને પહેરવેશમાં ઘણો જ બદલાવ આવ્યો છે. આ બધાનું રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીયકરણ થયું છે.

હવે આવા બદલાયેલા સંજોગોમાં ધર્મના નામે થતા તમાશા કે જલસા જરૂરી ખરા? આપણે ત્યાં ચોથ થી ચૌદસ સુધી અગિયાર દિવસ ચાલતો ગણપતિ મહોત્સવ, નવરાત્રિના ગરબા તો હવે છેક શરદપૂનમ સુધી ગવાતા હોય છે. એક દિવસનું પતંગપર્વ પરંતુ વિદ્યાર્થીઓ તો એક મહિના અગાઉ પતંગ પાછળ ગાંડા થાય છે. એવું જ દિવાળી કે હોળી-ધૂળેટી આ બધામાં આમ જ... હોય એ પણ એટલું જ જરૂરી છે. નવરાત્રિની રાતો એ રંગબેરંગી ચણિયાચોળી પહેરી કલાકો સુધી જવાનડીઓ મહાલે છે. લાઉડસ્પીકરોના ઘોંઘાટ વચ્ચે યુવાનો પ્રેમગોષ્ઠિ કરી લે છે. પ...ણ... બીમાર, ઘરડાં, બાળકો ને પરીક્ષાર્થીઓની દશા બેસી જાય છે. પરોઢ સુધી ઘોંઘાટ સાંભળવો પડે છે. વસ્તી વધી... મનોરંજનના તરીકા વધ્યા...



**લાગણીનો મેળો**
રસિક વાળંદ

જૂના કાળના મેળા — યાત્રાઓ ને આજના સંદર્ભમાં વિચારવી પડે. જૂનું ચાલતું રહે ને નવું ઉમેરાતું જાય તો મનોરંજનની મજા પણ મરી જાય.... ભારત જેવો વિકાસશીલ દેશ કમ્મર બાંધીને કામ ન કરે તો આપણે પાછળ રહી જશું. માત્ર સંસ્કૃતિનું ગૌરવગાન ગાયા કરવાનું ને ભણતર, ઉદ્યમ, રમત, ઉત્પાદન વગેરેમાં જો ધ્યાન ન આપીએ તો તે સઘળું નકામું છે. આપણી આંધળી ધર્મ ઘેલછા ને અકર્મણ્યતા આપણને પછાડશે!!

મિત્રો, સમયને સાચવો... યુવાનીમાં વ્યસન, રઝળપાટ, ઉજાગરા, આળસ, વગેરે ધર્મના નામેય ન પોષાય. પરિશ્રમ વગર કદી આગળ ન અવાય. ધર્મના નામે થતાં ધતિંગ કે તમાશા એ તો નવરાઓની રમત છે. હવે તો કામગરાદેવ — પુરુષાર્થદેવનું સ્થાપન કરવાનો સમય આવ્યો છે. રોજ નિયમિત ૮ થી ૧૦ કલાક કામ કરો. ને વર્ષે ૩૦૦ દિવસ તેની આરાધનાનું વ્રત લો. તેને જ ભક્તિ માનો. 'કર્મ હી પૂજા હૈ' માનવમાત્ર અખંડ પુરુષાર્થની આરાધનાનું વ્રત લે તેણે જ ભક્તિ માનવાની તાતી જરૂરિયાત છે. પૂજા-પાઠ, ખરા પણ અંતિમ નથી... બુદ્ધિગમ્ય બાબતોને અપનાવીને બિનજરૂરીને હડસેલીએ.

આપણાં તીર્થસ્થાનોમાં ઘોંઘાટ, નરી ગંદકી, પંડાઓનો ત્રાસ અને દુકાનદારોની લૂંટ આ બધું આપણને કોઠે પડી ગયું છે... ભારતીય નાગરિકને જાહેરજીવનમાં પદાર્થપાઠ કોણ ભણાવશે?!

હમણાં અંબાજી જતાં યુવાપદયાત્રીઓને પાનના ગલ્લે ગુટખા ફાકતા જોયા ને મન વિચારે ચડ્યું. આ લબરમૂછિયા ગુટખા ફાકતા — ફાકતા માતાજીને મળવા જાય છે... આવા કુછંદી દીકરાઓને જોઈ માતાજી રાજી થાય ખરાં? તમાકુના રવાડે ચડેલા દીકરા કેન્સરગ્રસ્ત થાય એવું માતાજી ઈચ્છે ખરાં?! આવાં ભટકેલ દિમાગને પૂછો તો ખરા કે, તમે પદયાત્રા શા માટે કરો છો?!

સ્પર્શમણિ :

જીવનમાં સાર્વજનિક સેવા સિવાય મેં બીજું કઈ નથી કર્યુ. પણ મેં એક સૂત્ર બનાવી દીધું છેઃ 'સેવા વ્યક્તિની, ભક્તિ સમાજની.' વ્યક્તિની ભક્તિમાં આસક્તિ વધે છે તેથી ભક્તિ તો સમાજની કરવી. પણ સમાજની જો સેવા કરવા જઈએ તો કઈ પણ ન કરી શકીએ. સમાજ તો એક કલ્પના માત્ર છે. સેવા પ્રત્યક્ષ વસ્તુની જ થઈ શકે છે. માની સેવા કરનારો દીકરો દુનિયાભરની સેવા કરે છે.

**- વિનોબા**